૧૯-૧૧-૨૦૨૨ પ્રાતઃમોરલી ઓમ્ શાંતિ “બાપદાદા” મધુબન

**“મીઠાં બાળકો - પતિત પાવન બાપ આવ્યાં છે પાવન બનાવીને પાવન દુનિયાનો વારસો આપવાં, પાવન બનવા વાળા ને જ સદ્દગતિ પ્રાપ્ત થશે”**

**પ્રશ્ન :-** ભોગી જીવન, યોગી જીવન માં પરિવર્તન થવાનો મુખ્ય આધાર શું છે?

**ઉત્તર :-** નિશ્ચય. જ્યાં સુધી નિશ્ચય નથી કે અમને ભણાવવા વાળા સ્વયં બેહદનાં બાપ છે ત્યાં સુધી ન યોગ લાગશે, ન ભણતર જ ભણી શકશે. ભોગી નાં ભોગી જ રહી જશે. ઘણાં બાળકો ક્લાસ માં આવે છે પરંતુ ભણાવવા વાળામાં નિશ્ચય નથી. સમજે છે હા કોઈ શક્તિ છે પરંતુ નિરાકાર શિવબાબા ભણાવે છે - આ કેવી રીતે થઈ શકે? આ તો નવી વાત છે. એવાં પથ્થર બુદ્ધિ બાળકો પરિવર્તન નથી થઈ શકતાં.

**ગીત :-** ઓમ નમો શિવાય...

**ઓમ્ શાંતિ!** બાળકો આ તો સમજી ગયાં છે કે શિવબાબા અમને સમજાવે છે. ઘડી-ઘડી તો નહીં કહે ભગવાનુવાચ. આ તો કાયદો નથી કે ઘડી-ઘડી પોતાની મહિમા કરવાની છે. શિવાબાબા જે બધાનાં બાપ છે એ આપણને બાળકોને બેસી સમજાવે છે. ભવિષ્ય ૨૧ જન્મોનાં માટે અટલ અખંડ દૈવી સ્વરાજ્ય પ્રાપ્ત કરાવે છે. જેવી રીતે સ્કૂલ અથવા કોલેજ માં બાળકો જાણે છે કે શિક્ષક અમને આપ સમાન બેરિસ્ટર બનાવી રહ્યાં છે, મુખ્ય ઉદ્દેશ્ય છે. બાકી સતસંગો માં જે જાય છે વેદ શાસ્ત્ર વગેરે સાંભળવા માટે, એનાથી તો કંઈ મળતું નથી એટલે શિક્ષક છતાં પણ સારા હોય છે જે શરીર નિર્વાહ અર્થ કોઈ શારીરિક વિદ્યા શીખવાડે છે, જેનાથી આજીવિકા થાય છે. બાકી બધાં દુર્ગતિ જ કરે છે, બાળક લગ્ન ન કરવા ઈચ્છે તો બાપ કહેશે કે વારસો પણ નહીં મળે. જ્યાં ઈચ્છો ત્યાં ચાલ્યાં જાઓ. અહીં તો બાપ અમૃત પણ પીવડાવે છે અને વારસો પણ આપે છે કહે છે કે પવિત્ર બનો તો પવિત્ર દુનિયાનાં માલિક બનશો. કેટલો ફરક છે - હદનાં બાપ માં અને બેહદનાં બાપ માં. તે રાત માં લઈ જાય છે, આ દિવસ માં લઈ જાય છે. આ છે જ પતિત-પાવન. કહે પણ છે કે સદ્દગતિ દાતા એક છે - જે આવીને બધાંની સદ્દગતિ કરે છે, પછી દુર્ગતિ કોણે કરી? આ નથી જાણતાં. બાપ સમજાવે છે - બધાં આસુરી મતવાળા છે. અહીં આવે છે અસુરો થી દેવતા બનવાં. આ ઇન્દ્રપ્રસ્થ છે. ઘણાં અસુર પણ છુપાઈને આવી બેસે છે. બધાં સેન્ટર્સ પર આવી રીતે છુપાયેલા અસુર (વિકારી) ઘણાં આવે છે, પછી ઘરમાં જઈને વિષ પીવે છે. બે કામ તો ચાલી ન શકે. તે પથ્થર બુદ્ધિ બની જાય છે. બાપને ઓળખતા જ નથી. નિશ્ચય બિલકુલ જ નથી કે અમને બેહદનાં બાપ ભણાવે છે. એવી રીતે જ આવીને બેસી જાય છે. તો ન યોગ લાગશે, ન ભણતર ભણી શકશે. ભોગી નાં ભોગી જ રહેશે. ઘણાં સમજે છે કે કોઈ શક્તિ છે બસ નિરાકાર શિવબાબા કેવી રીતે આવી શકે! કોઈ શાસ્ત્રમાં પણ લખેલું નથી. આ છે નવી વાતો. ગવાયેલું પણ છે શિવજયંતી... પરંતુ પથ્થર બુદ્ધિ હોવાનાં કારણે સમજતા નથી. શિવ છે ત્યારે તો બધાં ભક્ત યાદ કરે છે. કહે પણ છે શિવાય નમઃ, સમજે છે એ પરમધામ માં રહે છે. અમારા બાપ પણ છે પરમપિતા, તો એ બધાંના પિતા થઈ ગયાં ને. ભારતમાં એવાં પણ છે જે પિતા ને નથી માનતાં. મનુષ્યો ને સમજાવવું ખૂબ મુશ્કેલ છે. મનુષ્ય તો આ પણ નથી સમજતા કે હમણાં દુર્ગતિ નો સમય ચાલી રહ્યો છે. ભક્તિમાર્ગ માં પહેલાં અવ્યભિચારી ભક્તિ હતી. હવે વ્યભિચારી બની ગઈ છે. અવ્યભિચારી અને વ્યભિચારી માં કેટલું અંતર છે. એ પાપ આત્મા, તે પુણ્ય આત્મા. અવ્યભિચારી ભક્તિ છે જ

સાચ્ચી ભક્તિ. એ સમયે એટલે દ્વાપર માં મનુષ્ય સુખી પણ રહે છે. ધન-સંપત્તિ વગેરે બધું રહે છે. કળિયુગ માં જ વધારે દુર્ગતિ ને મેળવે છે. જ્યારે વ્યભિચારી ભક્તિ માં આવે છે ત્યારે વિકારી પણ ખુબ બનતા જાય છે. દિવસે-દિવસે વિકાર પણ જોર ભરતાં જાય છે. પહેલાં સતોપ્રધાન વિકાર હતાં, હમણાં તમોપ્રધાન વિકાર છે. બધાં બિલકુલ જ તમોપ્રધાન છે. ઘર-ઘર માં કેટલાં ઝઘડા છે. શિવબાબા બેસી બાળકોને સમજાવે છે. શ્રીકૃષ્ણ તો બાપ ન થયાં. કોઈની પણ બાયોગ્રાફી નથી જાણતાં. આ છે પતિત-પાવન. પરમપિતા પરમાત્મા ને માને છે કે આ જ્ઞાન નાં સાગર છે, પાણી નાં સાગર થોડી પતિત-પાવન, નોલેજફુલ છે. મનુષ્ય તો પાણી નાં સાગર થી નીકળેલી પાણીની નદીઓને પતિત-પાવની સમજી લે છે. એમનાથી પૂછવું જોઈએ કે જેમ ગીતાનાં ભગવાન નું ઓક્યુપેશન-પૂછાય છે નિરાકાર પરમપિતા પરમાત્મા છે રચયિતા અને શ્રીકૃષ્ણ છે રચના, હવે બતાવો ગીતાનાં ભગવાન કોણ? ભગવાન તો એક ને જ કહીશું. પછી વ્યાસને ભગવાન કેવી રીતે કહી શકાય. તો એવાં-એવાં પ્રશ્ન પૂછવા જોઈએ - પતિત-પાવન, પરમપિતા પરમાત્મા જ્ઞાન નાં સાગર છે, એનાથી આ જ્ઞાનગંગાઓ કેવી રીતે નીકળે છે? પરમપિતા પરમાત્મા બ્રહ્મા મુખ કમળ દ્વારા બ્રાહ્મણ મુખ વંશાવલી રચે છે. એમને બ્રહ્મા મુખ થી જ્ઞાન મળી રહ્યું છે, જેનાથી સદ્દગતિ ને મેળવે છે. હવે પાણીનાં સાગર થી પાવન બને છે કે જ્ઞાન સાગર થી. પાણી થી મનુષ્ય તો પાવન થઈ ન શકે. તો આ પહેલી પણ પૂછવી પડે, અને પૂછવાથી પાવન દુનિયાનાં માલિક બની શકો છો. બોલાવે તો એમને જ છે કે હે પતિત-પાવન સીતારામ. પછી ગંગામાં સ્નાન વગેરે કરે છે, તો આ પહેલી પણ એડ કરવી જોઈએ. સમય પર દરેક વસ્તુ શોભે છે. જેમ તે ગીતા નાં ભગવાન વાળી પહેલી છે, તેમ આ પણ પહેલી છે. વિચાર ચાલે તો છે ને - શું એવી વસ્તુ બનાવીએ જે મનુષ્ય સદૈવ પોતાની પાસે યાદગાર રાખે. સારી વસ્તુ હશે તો પોતાની પાસે રાખશે. પત્ર વગેરે તો ફેંકી દે છે. દેવતાઓની સારી વસ્તુ હશે તો તે ફાડશે નહીં. સર્વિસની પ્રેક્ટિસ વાળાને આખો દિવસ વિચાર સાગર મંથન ચાલતું રહેશે અને કામ કરીને દેખાડશે. ફક્ત કહેવાનું નથી કે એવું કરવું જોઈએ. આવું કોઈને કહો છો? બાબા કરશે કે બાળકો કરશે? બોલો કોણ? બાપ તો ડાયરેક્શન આપે છે. એવાં સારા ચિત્ર, કેલેન્ડર છપાવો, ત્રિમૂર્તિ શિવ નાં કેલેન્ડર નીકળવા જોઈએ. ત્રિમૂર્તિ શિવ જયંતી કહેવાનું રાઈટ છે. ફક્ત શિવજયંતી કહેવાનું ખોટું છે. એક બાળકનું દિલ છે ત્રિમૂર્તિ શિવજયંતી નું કેલેન્ડર બનાવીએ તે પણ રંગીન. ત્રિમૂર્તિ થી સમજણ સારી મળે છે. બાબા લોકેટ પણ એટલે બનાવે છે કે એનાથી સારું સમજાવી શકાય છે. બ્રહ્મા દ્વારા શિવબાબા સદ્દગતિ કરે છે. તો જે મહેનત કરે છે તે જ વિષ્ણુપુરી નાં માલિક બને છે. બાકી જે જ્ઞાન નથી લેતા એનો વિનાશ થઈ જાય છે. તે સજાઓ પણ ખાય છે, પદ પણ નથી મેળવતાં. ભગત ભગવાન ને યાદ કરે છે પરંતુ જ્યારે ભગવાન આવે છે ત્યારે કેટલાં થોડા એમને ઓળખીને એમનાં બને છે. કોટોમાં કોઈ. જે મુક્તિ માટે પુરુષાર્થ કરે છે તે પદ સારું મેળવી નથી શકતાં. વિકર્મ વિનાશ નહીં થાય એટલે સાક્ષાત્કાર કરાવ્યો હતો - ધર્મસ્થાપક પણ આવે છે દૃષ્ટિ લેવાં. યાદ કરતા-કરતા વિકર્મ વિનાશ કરતા જશો તો પણ ઊંચું પદ મેળવી શકો છો, બીજા ધર્મવાળા પણ આવશે તે પણ અંત માં, જે મોટા હશે. એવું નહીં કે હમણાં નો પોપ આવશે, ના ના... પહેલાં નંબર નો પોપ, જે હમણાં અંતિમ જન્મ માં છે, તે આવશે. હિસાબ છે ખૂબ ભારે. હવે આ કુંભ નો મેળો છે. આ બધી ભક્તિમાર્ગ ની સામગ્રી છે. જ્યારે દુર્ગતિ ને પામવાનું પૂરું ગ્રહણ લાગી જાય છે, ત્યારે બાપ આવીને સોળે કળા સંપૂર્ણ બનાવે છે. ગ્રહણને સ્વદર્શન ચક્ર થી નીકળાય છે. આ જે આપણો ગોળો છે, એમાં નીચે લખવું જોઈએ આ છે સ્વદર્શન ચક્ર. આ ખૂબ સારી વસ્તુ છે. આ ઈશ્વરીય કોટ ઓફ આર્મસ છે. આ તો ઈશ્વરીય વાતો છે. સ્લાઈડસ જે બનાવી રહ્યાં છે એમનાં માટે

પણ બાબા સમજણ આપતા રહે છે. જો સમજો તે મુરલી ન સાંભળે તો ડાયરેક્શન અમલ માં લાવી ન શકે. મુરલી તો રોજ વાંચવી જોઇએ. સર્વિસમાં જે છે એમને એક્ટ માં આવવું જોઇએ. ત્રિમૂર્તિની પણ સ્લાઇડસ બનાવો છો, એમાં અક્ષર ખૂબ સારા છે. સ્થાપના અને વિનાશ - બે ગોળા પણ જોઈએ. આ નરક, આ સ્વર્ગ. આ આજનું ભારત અને કાલનું ભારત. બાપ સેકન્ડમાં જીવનમુક્તિ આપવા વાળા બેઠાં છે. બાપ ને ઓળખ્યા, નિશ્ચય થયો બસ. જીવનમુક્તિ મેળવવાનો પુરુષાર્થ ચાલી રહ્યો છે. જન્મ તો લીધો ને. બાપ થી પૂરો વારસો લેવાનો છે. પછી વિકાર ની માંગ ન કરી શકાય. બાપ કહે છે ભ્રષ્ટાચારી ને વારસો મળી ન શકે. પ્રેક્ટિકલ માં આમનું (બ્રહ્માનું) જ દૃષ્ટાંત જોયું ને. આવાં ખુબ મુશ્કેલ નીકળે છે. પોતાની ઈજ્જત વગેરે પણ બહુ જુવે છે ને. ક્રિયેટર બાપ છે, બધાંએ એમની આજ્ઞા પર ચાલવાનું છે. તમે પણ શ્રીમત પર નથી ચાલતાં તો પદ ભ્રષ્ટ થઈ જાય છે.

બાપ કહે છે - આ જ્ઞાનમાર્ગ માં નષ્ટોમોહા સારા જોઈએ. બાબાની આજ્ઞા મળેલી છે, જે બાળકો આજ્ઞાકારી નથી, તે કપૂત થયાં. એ બાળક, બાળક નથી. પવિત્રતા ની આજ્ઞા તો સારી છે ને. રાજ્યોગ તો બાપ હમણાં શીખવાડે છે. મનુષ્ય તો બિચારા સમજતા નથી. બાળકોમાં પણ નંબરવાર પુરુષાર્થ અનુસાર સમજે છે. બાપ આટલું ડાયરેક્શન આપે છે, કોઇ બાળક મુશ્કેલ કરીને દેખાડે છે. બાપ કહે છે - ત્રિમૂર્તિ નું કેલેન્ડર બનાવવાનું છે. બધો આધાર છે ત્રિમૂર્તિ શિવ નાં ચિત્ર પર. લખેલું છે બ્રહ્મા દ્વારા સ્થાપના. જરુર શિવબાબા સ્વર્ગની સ્થાપના કરશે ને. કળિયુગ આસુરી રાજ્ય નો વિનાશ થશે. આસુરી રાજ્ય માં કેટલાં અસંખ્ય છે. દૈવી રાજ્ય માં કેટલાં થોડા છે. લખેલું પણ છે અનેક ધર્મો નો વિનાશ, એક સત્ય ધર્મની સ્થાપના. બાપ કહે છે હું કેટલો શૃંગારું છું છતાં પણ સુધરતાં નથી, ઉલટું-સુલટુ બોલતા રહે છે. અહીં બાબા કહે છે દેહ સહિત જે કંઇ છે બધું ભૂલી મામેકમ્ યાદ કરો. પોતાનાં દેહ માં પણ ન ફસાઓ. કોઈનાં દેહમાં ફસાવાથી ઉતરી પડો છો. જેમ મમ્મા નાં દેહ થી પ્રેમ હતો તો મમ્મા નાં જવાના પછી કેટલાં મરી ગયાં કારણ કે નામ રુપમાં ફસાયેલા હતાં. બાપ કેટલું કહે છે કે દેહ-અભિમાની નહીં બનો, મામેકમ્ યાદ કરો. તમે આ બ્રહ્માનાં શરીરને પણ યાદ નહીં કરો. શરીરને યાદ કરવાથી પૂરું જ્ઞાન ઉઠાવી નહીં શકો. દેહી-અભિમાની બનવામાં ખૂબ મહેનત છે. બાપ ની યાદમાં રહેવું - આ ખુબ મુશ્કેલ છે. જ્ઞાન તો ખૂબ સારું-સારું સંભળાવો છો. યોગ માં મુશ્કેલ રહો છો. જેટલાં રુસ્તમ, એટલાં માયા નાં તોફાન આવશે. કોઈ ને કોઈનાં નામ રુપમાં ફસાઈ દગો ખાઈ લે છે, આમાં ખૂબ ખબરદારી જોઈએ. યોગ માં જ ખૂબ મહેનત છે. નોલેજ તો સહજ છે. યોગ માં જ ઘડી-ઘડી ભુલાઈ જાય છે એટલે બાપ કહે છે વિકર્માજીત કેવી રીતે બનશો. યોગ માં રહો તો પાપ પણ નહીં થશે. નહીં તો સો-ગણું થઈ જાય છે. અહીં તો સ્વયં ધર્મરાજ અને બાપ બંને સાથે છે એટલે સ્વયં કહે છે કે બાપ આગળ કોઈ પાપ નથી કરવાનું, નહીં તો સો-ગણો દંડ પડી જશે. યોગ થી જ વિકર્માજીત બનવાનું છે. સ્વદર્શન ચક્ર ને તો જાણવું સહજ છે. આ ગોળા ની નીચે લખવાનું છે ચક્ર, ન કે ચરખો. બાબા યુક્તિઓ તો ખૂબ બતાવે છે. બાળકોએ એક્ટ માં લાવવાની છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદાનાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

1) કોઈપણ દેહધારી નાં નામ રુપમાં અટકવાનું નથી. પોતાનાં દેહ માં પણ નથી ફસાવવાનું, આમાં ખૂબ ખબરદારી રાખવાની છે.

2) જ્ઞાનમાર્ગમાં નષ્ટોમોહા જરુર બનવાનું છે. પવિત્રતા ની આજ્ઞા માનવાની છે અને બીજાઓને પણ પવિત્ર બનાવવાની યુક્તિ રચવાની છે.

**વરદાન :- સર્વ વિકારો નાં અંશ ને પણ ત્યાગ કરી સંપૂર્ણ પવિત્ર બનવા વાળા નંબરવન વિજયી ભવ**

સંપૂર્ણ પવિત્રતા તે છે જેમાં અપવિત્રતા નો અંશ-માત્ર પણ ન હોય. પવિત્રતા જ બ્રાહ્મણ જીવન ની પર્સનાલિટી છે. આ પર્સનાલિટી જ સેવામાં સહજ સફળતા દેખાડે છે. પરંતુ જો એક પણ વિકાર નો અંશ છે તો બીજા સાથી પણ એની સાથે જરુર હશે. જેમ પવિત્રતા ની સાથે સુખ-શાંતિ છે, એમ અપવિત્રતા ની સાથે પાંચ વિકારો નો ગાઢ સંબંધ છે, એટલે એક પણ વિકાર નો અંશ ન રહે ત્યારે નંબરવન વિજયી બનશો.

**સ્લોગન :-** હિંમત નો એક કદમ રાખો તો હજાર ગુણા મદદ મળતી રહેશે.